**<u>આંક–૦૧ તળે હુકમઃ–</u>** **<u>સી.સી. નં.૭૮૮૬૮/૨૦૨૨</u>**

**(૧)** સાંભળ્યા કેસનુ રેકર્ડ ધ્યાને લેતા.સી.આર.પી.સી.કલમ ૧૫૪ મુજબ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ફસ્ટ ઈન્ફોર્મેશન રીપોટ (એફ.આઈ.આર.)ના અનુસંધાનમાં તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આ કામના આરોપી વિરૂધ્ધ પોલીસ કમીશનરશ્રી અમદાવાદ દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામા ભંગ બદલ આઇ.પી.સી.કલમ–૧૮૮, એપેડમીક ડીસીઝ એક્ટ કલમ–૦૩ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ –૫૧(બી) મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલ છે .આ કામે ત.ક.અમલદારશ્રીએ ચ઼ાર્જશીટ રજુ કરેલ છે .આ કામે ત.ક.અમલદારશ્રીએ ચાર્જશીટ સાથે જાહેરનામું રજૂ કરેલ નથી.

**(૨)** સી.આર.પી.સી.કલમ –૧૯૫ મુજબ આ.ઈ.પી.સી.ની કલમ ૧૭૨ થી ૧૮૮ (બંને કલમો સહીત) ના ગુન્હા અંગેનુ કોગ્નીઝન્સ ત્યારેજ લઇ શકાય કે જ્યારે સંલગન જાહેર સેવક દ્વારા અથવા આવા જાહેર સેવક જેના વહીવટી નીચંત્રણ હેઠળ હોઇ એવા (એટલે કે આવા જાહેર સેવકના ઊપલા અધીકારી) ની **<u>લેખીત ફરીયાદ વગર લઈ શકાય નહીં</u>** એવી કાયદાકીય મેન્ડેટરી જોગવાઇ રહેલ છે . એપેડેમીક ડીસીઝ એક્ટ કલમ–૦૩ મૂજબ ગુનાના ભંગ બદલ આઈ.પી.સી.ની કલમ–૧૮૮ મૂજબના ગૂના સંબંધે કાર્યવાહી કરવા જોગવાઇ કરવામાં આવેલી છે. તે જ રીતે ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ–૫૧(બી) માં પણ એવી જોગવાઈ કરવામાં આવેલી છે કે, સક્ષમ ઓથોરીટી કે સરકાર જેને અધિકૃત કરેલા હોય તેને આવી નોટીસ આપ્યા બાદ ફરીયાદ કરી શકે છે આ જોગવાઈઓનુ પાલન કર્યા વગર અદાલત ગુનાનુ કોગ્નીઝન્સ લઈ શકતી નથી. હાલના કેસમા કોઈ સક્ષમ ઓથોરીટી કે સરકાર જેને અધિકૃત કરેલા હોય તેને ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ–૬૦ ના કલોઝ (એ) મૂજબની કોઇ ફરીયાદ કરવામા આવેવ નથી કે અન્ય કોઇ વ્યકતીએ આ અધીનીયમની (બી) મૂજબની પ્રક્રીયા કર્યા બાદ ફરીયાદ કરેલ નથી. આમ સદર કાયદાની ફરજીયાત જોગવાઈઓનુ પાલન પણ આ કેસમાં થયેલ નથી.

**(૩)** નામદાર ગૂજરાત હાઈકોર્ટ દ્વારા જશવંતસિંહ ફલજીભાઇ વીરૂધ્ધ ગુજરાત રાજ્યના કેસમાં તારીખ ૦૯–૧૨–૨૦૦૩ ના ચુકાદામાં **<u>આઈ.પી.સી.ની કલમ –૧૮૮ કોગનીઝેબલ હોવાનુ નામદાર અદાલતે અવલોકન કરેલ છે.</u>**

કોગનીઝેબલ ગુનો એટલે કે જેમા પોલીસ વોરંટ વગર આરોપીની ધરપકડ કરી શકે તપાસ કરી શકે તેવા ગુન્હો પરંતુ સી.આર.પી.સી. કલમ –૧૯૫માં આ સામાન્ય જોગવાઈમાં કલમ –૧૭૨ થી ૧૮૮ (બંને કલમો સહીત) ના ગુન્હા અંગેનુ કોગનીઝન્સ ત્યારેજ લઈ શકાય કે જ્યારે સલગન જાહેર સેવક દ્વારા અથવા આવા જાહેર સેવક જેના વહીવટી નીચંત્રણ હેઠળ હોઈ એવા (એટલેકે , આવા જાહેર સેવકના ઊપલા અધીકાર ) ની લેખીત ફરીયાદ વગર લઈ શકાય નહી આમ એકમાત્ર કોગનીઝેબલ ગુનો બનતો હોય અને પોલીસને તપાસની સત્તા રહેલી હોય એટલા માત્રથી સી.આર.પી.સી.કલમ –૧૯૫ની ફરજીયાત જોગવાઈનો બાંધ નડે નહી તેવું માની શકાય નહી.

**(૪)** નામદાર સુપ્રિમકોર્ટ...(૧)એમ.એસ.અહલ્લાવત વિરૂદ્ધ હરિયાણા એ.આઇ.આર.૨૦૦૦(સુ.કો.)

પેજ નં.૧૬૮,(૨) દોલતરામ વિરૂદ્ધ પંજાબ રાજ્ય એ.આઇ.આર.૧૯૬૨(સુ.કો.) પેજ નં.૧૨૦૬, (૩)બબીતાલીલા વિરૂદ્ધ યુનીયન ઓફ ઇન્ડીયા એસ.એલ.પી.(ક્રિ.કે.નં.૧૪૪૭/૨૦૧૨, (૪)મુનીઅપ્પન અને બીજા વિરૂદ્ધ તમિલનાડુ રાજ્ય ક્રિ.અપીલ નં.૧૨૭ થી ૧૩૦/૨૦૦૮ તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટ રાજ્ય ક્રિમીનલ મીસીનીયલસ અપીલ નં.૫૦૯/૨૦૦૧, (૨)કાનજીભાઇ બબલદાસ પટેલ વિરૂદ્ધ ગુજરાત રાજ્ય ક્રિમીનલ મીસીનીયલસ અપીલ નં.૩૪૮/૧૯૯૫, (૩)અરૂણધતી ભટ્ટાચાર્ય વિરૂદ્ધ ગુજરાત રાજ્ય ક્રિમીનલ મીસીનીયસ અપીલ નં.૧૭૦૬/૨૦૧૭, (૪)ગોવર્ધનકુમાર ઠાકોરદાસ અસરાની વિરૂદ્ધ ગુજરાત રાજ્ય ૨૦૧૮(૧) જુ.એલ.એચ. પેજ નં.૬૩ ના કેસ લો માં એવું હેલ્ડ કરવામાં આવેલ છે કે, The provision of section 195 Cr.P.C. are mandatory and Non-complaiance of it would vitiate the prosecution and all other consequential orders. the court cannot assume the cognizance of the case without such complaint inthe absence of such a complaint. the trial and conviction will be void abinitio being without jurisdiction. નામદાર મહારાષ્ટ્ર હાઇકોર્ટની ડિવીઝન બેન્ચે હલ્લાશેવ વિરૂદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય ક્રિ.એપ્લીકેશન નં.૪૫૩/૨૦૨૦ ના ચુકાદામાં એવું અવલોકન કરવામાં આવેલ છે કે, "We are of the opinion that allowing the prosecution to continue would be nothing but an abuse of the process of the court in as much as there was an express legal bar against the institution of F.I.R. against an accused based on the police report."

**(૫)** નામદાર સુપ્રિમકોર્ટ પંકજ અગ્રવાલ વિરૂદ્ધ દિલ્હી રાજ્ય ૨૦૦૧(૩) ક્રાઇમ્સ(સુપ્રિમકોર્ટ) પેજ નં.૩૬૧ તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટે કાંદલ સરમણ જાડેજા વિરૂદ્ધ ગુજરાત રાજ્ય ૨૦૧૯(૨) જુ.એલ.આર. પેજ નં.૧૪૬૨ ના ચુકાદામાં એવું અવલોકન કરવમાં આવેલ છે કે, જ્યારે ગુન્હા અલગ કરી શકાય તેવા હોય એટલે કે, સ્પ્લીટ કરી શકાય તેવા હાય સ્વતંત્ર અને એક અલગ જ ગુન્હો બનતો હોય ત્યારે આવા સ્વતંત્ર ગુન્હાની કાર્યવાહી ચલાવી શકાય છે અને આવા ગુન્હાને સી.આર.પી.સી. ની કલમ-૧૯૫ નો બાધ નડતો નથી પરંતુ જ્યારે થયેલ ગુન્હા એકબીજા સાથે એવી રીતે જોડાયેલ હોય, ઇન્ટરકનેક્ટેડ હોય, એકબીજાથી અલગ કરી શકાય તેવા ન હોય ત્યારે તેવા ગુન્હામાં સ્પષ્ટ રીતે સી.આર.પી.સી. ની કલમ-૧૯૫ છે અને આવા ગુન્હાની કાર્યવાહી આગળ ચલાવી શકાતી નથી, કમિશ્નરશ્રીના જાહેરનામાના ભંગ થતા ચાર્જશીટમાં દર્શાવવામાં આવેલ ગુન્હો થયેલ છે. તેવો પોલીસનો કેસ છે કેસની વિષયવસ્તુ ધ્યાન ઉપર રાખતા આ ગુન્હાઓ એકબીજા સાથ એવી રીતે સ્પષ્ટપણે સંકળાયેલા છે, એવી રીતે ઇન્ટરકનેક્ટેડ છે કે, તેમને એકબીજાથી અલગ કરી શકાય તેમ નથી. આથી નામદાર સુપ્રિમકોર્ટ તથા નામદાર ગુજરાત હાઇકોર્ટે ઉપરોક્ત પેરામાં દર્શાવેલ ચુકાદાઓમાં કરવામાં આવેલ અવલોકનો ધ્યાને લેવામાં આવે તો હાલના કેસમાં સી.આર.પી.સી. કલમ-૧૯૫ ની કાયદાકીય ફરજીયાત જોગવાઇનો બાદ નડે છે. આ બાબતે નામદાર ગુજ.હાઇકોર્ટે વહીવટી બાજુએ સરક્યુલર નં.ડી.૨૯૧૨-૧૩/૨૦૧૭ તારીખ.૨૯/૦૭/૨૦૧૭ થી વહીવટી સુચના પણ આપેલી છે. આમ છતા આ કાર્યવાહી ચલાવવામાં આવે તો તે હકુમત વિનાની સમગ્ર કાર્યવાહીને દુષિત કરતી અનિયમસર્તાઓ સી.આર.પી.સી. કલમ-૪૬૧(આઇ) મુજબ ગણાય છે. જે Coid ab-anitio ગણાય છે.- નામદાર સુપ્રિમકોર્ટે કે.પ્રભાકર રાવ વિરૂદ્ધ આંધ્રપ્રદેશ રાજ્ય તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટે ગોવર્ધનકુમાર

ઠાકોરદાસ અસરાની વુરૂદ્ધ ગુજરાત રાજ્ય ૨૦૧૮(૧) જુ.એલ.એચ. પેજ નં.૬૩ તેમજ રેણુકા વિરૂદ્ધ કર્ણાટક રાજ્ય ૨૦૦૯ ક્રિમીનલ લો જનરલ ૨૨૪૫(સુપ્રિમકોર્ટ) ના ચુકાદા ધ્યાન સમક્ષ રાખી હાલના કેસલમાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ આજ રોજ યોજવામાં આવેલ સ્પેશ્યલ મેજીસ્ટ્રેરીયલમાં જોહર કરવામાં આવે છે.

**– હુકમ –**

આરોપી વિરૂદ્ધ ઇ.પી.કો. કલમ–૧૮૮, એપેડમીક ડિસીઝ એક્ટની કલમ–૦૩ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ–૫૧(બી) મુજબના ગુન્હાની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૩, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ–૧૩/૦૮/૨૦૨૨
સ્થળઃ–અમદાવાદ

**(એમ.એ. મકરાણી)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં. ૧૪,અમદાવાદ
જી.જે.૦૧૦૦૭